# <u>શિક્ષણ વિભાગ</u>

# <u>ગુજરાત સરકાર</u>

## ગુજરાત રાજ્યના બજેટ સત્ર માટે વિધાનસભાના માન. સભ્યશ્રી મહેન્દ્ર પાડલીયાના વક્તવ્ય માટેના મુખ્ય મુદ્દાઓ

તા: ૦૫/૦૨/૨૦૨૪ સમય: સંજના ૦૫:૦૦ કલાકે

**ગુજરાત વિધાનસભાના માન. સ્પીકર શ્રી શંકર ચૌધરીજી; ગુજરાત વિધાનસભાના માન. ડેપ્યુટી સ્પીકર શ્રી જેઠાભાઈ આહિર; ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ ગુજરાત વિધાનસભા ખાતે હાજર તમામ સભ્યોને મારા સાદર પ્રણામ**

**ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું એક વાક્ય યાદ આવી રહ્યું છે કે,**
***"વિચાર અને ક્રિયામાં <u>શ્રેષ્ઠતા</u> કોઈપણ મિશનનો પાયો છે. શ્રેષ્ઠતા આકસ્મિક નથી. તે એક પ્રક્રિયા છે, જ્યાં એક વ્યક્તિ અથવા સંસ્થા અથવા રાષ્ટ્ર સતત પોતાની જાતને વધુ સારી બનાવવા માટે પ્રયત્ન કરે છે."***

ગુજરાતના 33 જીલ્લાઓમાં એક્સેસ અને ઇક્વિટી સુનિશ્ચિત કરવા માટે ૧૦૮ યુનિવર્સિટીઓ (૧૬ પબ્લિક યુનિવર્સિટીઓ, ૦૨ સેન્ટ્રલ ડીમ્ડ યુનિવર્સિટીઓ, ૧૦ ઇન્સ્ટીટયુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સ, ૦૨ સેન્ટ્રલ ડીમ્ડ યુનિવર્સિટીઓ, ૬૫ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ અને ૧૩ સેકટોરલ યુનિવર્સિટીઓ) નો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યમાં તમામ વિદ્યાર્થીઓને સમાન એડમિશનનો હક મળી રહે તે માટે રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં એડ્મિશન માટે એક કોમન પોર્ટલ વિકસાવવામાં આવેલ છે. આ પોર્ટલ અંતર્ગત યુનિવર્સિટીઓના તમામ અભ્યાસક્રમો, ફેકલ્ટી અને

વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે જેમાં શરૂઆતથી અંત સુધીની એડ્મિશન પ્રક્રિયાને સંચાલિત કરવા માટે એક સરળ અને સુરક્ષિત એપ્લિકેશન તરીકે વિકસાવવામાં આવેલ છે.

NEP-2020 ના અમલીકરણ માટે એક સામાન્ય સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) ૨૯મી જુલાઈ ૨૦૨૩ના રોજ બહાર પાડવામાં આવી છે. ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ/ઓટોનોમસ કોલેજોએ ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ સામાન્ય SOPનું ફરજીયાતપણે પાલન કરવાનું છે. અમલીકરણ માટેની પ્રક્રિયા અને સમજૂતી સંબંધિત તમામ વિગતો SOP માં ઉલ્લેખિત કરવામાં આવેલ છે. હાલમાં ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)માં દર્શાવવામાં આવેલ તમામ કોર્સિસ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના અભ્યાસક્રમોની રચના કરવામાં આવી રહી છે.

ઑક્ટોબર 2023માં કેવડિયા કોલોની, ગુજરાત ખાતે વેસ્ટર્ન ઝોનના ૬ રાજ્ય ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દિવ, દમણ અને દાદરાનગર હવેલીના યુનિવર્સીટીઓના કુલપતિશ્રીઓની NEP-2020ના અમલીકરણ અંગે **પશ્ચિમ ઝોનના વાઇસ ચાન્સેલર્સ કોન્ફરન્સ**નું સફળતાપૂર્વક આયોજન કરાયું. જેના અંતર્ગત કુલ ૧૭૯ યુનિવર્સિટીઓએ ભાગ લીધેલ હતો.

ટેકનિકલ શિક્ષણ હેઠળની વિવિધ સરકારી સંસ્થાઓ ખાતે Artificial Intelligence and Machine Learning (Al-ML), Computation and Advanced Software including Cloud Services, Coding, Cyber Physical Systems, Semiconductor Design and Advanced Verification, Electric Vehicle, Advanced Manufacturing and Robotics, Drone Technology જેવા વિવિધ emerging technology ના કુલ **૧૩ સેન્ટર ઓફ એક્સલન્સ (CoE)** સ્થાપવા માટે ચકાસણી કરીને તેને shortlist કરવામાં આવેલ છે અને અન્ય ૦૨ સેન્ટર ઓફ એક્સલન્સ માટે L&T અને LG સાથે કરાર કરવામાં આવી રહ્યા છે.

**રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA)** અંતર્ગત રાજ્યની કુલ ૨૯૪ લાભાર્થી સંસ્થાઓ (૯ યુનિવર્સિટીઓ તથા ૨૮૫ કોલેજો) માટે કુલ રૂ.૪૬૩ કરોડનું અનુદાન મંજુર કરવામાં આવેલ છે. રૂ.૩૧૧.૬૪ કરોડના અનુદાનની ફાળવણી યુનિવર્સિટી/કોલેજીસના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ, ઇક્વિટી ઈનીશીએટીવ, ઇક્વિટી ઓપોર્ચ્યુનિટી સેલ, અને ફેકલ્ટી

ઈમ્પ્રુવમેન્ટ જેવા હેતુ માટે વિવિધ કમ્પોનેન્ટ અંતર્ગત ઇક્વિટી, એક્સેસ અને એકસલન્સને આધાર સ્તંભ રાખી પૂરું પાડવામાં આવેલ છે.

**સ્ટાર્ટઅપ સૃજન પ્રોગ્રામ** હેઠળ, આ વર્ષે રાજ્યભરમાંથી ઇનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સ તરફથી બીજા જૂથમાં મળેલ ૩૬૫ અરજીઓ પૈકી સ્ક્રીનિંગ અને મંજૂરી બાદ ૧૫૦ ઇનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સને કુલ ૭ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે તેમજ વિવિધ પ્રકારના સપોર્ટ આપવામાં આવશે. કુલ **૨૫૦૦ પ્રૂફ ઓફ કન્સેપ્ટ (PoC)** ડેવલપ કરવા માટે સપોર્ટ કરવામાં આવી રહેલ છે. કુલ **૪૨૯ ઇન્કયુબેશન સ્ટાર્ટઅપ** માટે **રૂ.૨૩૦૦ કરોડની ઇનોવેશન ઇકો સિસ્ટમ** ડેવલપ કરવામાં આવી રહી છે જેમાં રૂ.૩૪૦ કરોડનું પ્રાઇવેટ ફંડ raise કરવામાં આવ્યા છે. જેના થકી આ સ્ટાર્ટઅપ્સ દ્વારા રૂપિયા ૪૩૦ કરોડની રેવન્યુ જનરેટ કરવામાં આવેલ છે.

**"ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોન -2023" (પાંચમી આવૃત્તિ)** અગાઉની હેકાથોન આવૃત્તિઓ તરફ એક પગલું આગળ વધશે, જેમાં 12,000 થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે અને સમસ્યા નિવેદનો પર કામ કરશે તેવી અપેક્ષા છે.

**છેલ્લે નેલ્સન મંડેલાનું એક વાક્ય યાદ આવી રહ્યું છે કે,**

**“Education is the most powerful weapon which you can use to change the world”.**

**“શિક્ષણ એ એક માત્ર એવું હથિયાર છે જેનાથી આપને વિશ્વને બદલી શકીએ છીએ”.**

આભાર.

*************************************************

# શિક્ષણ વિભાગ

# ગુજરાત સરકાર

# <u>શિક્ષણ વિભાગે દ્વારા કરવામાં આવેલ નોંધપાત્ર કામગીરીની વિગતો</u>

તા:૧૯/૧૨/૨૦૨૩

- **ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS):**
  - ગુજરાતની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં એડ્મિશન માટે એક કોમન પોર્ટલ વિકસાવવામાં આવેલ છે.
  - આ પોર્ટલ અંતર્ગત યુનિવર્સિટીઓના તમામ અભ્યાસક્રમો, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે જેમાં શરૂઆતથી અંત સુધીની એડ્મિશન પ્રક્રિયાને સંચાલિત કરવા માટે એક સરળ અને સુરક્ષિત એપ્લિકેશન તરીકે વિકસાવવામાં આવેલ છે.
- NEP-2020, AICTE ની જોગવાઈઓ, પ્રવેશના આંકડા અને ઉદ્યોગની જરૂરિયાતોને ધ્યાનમાં લેતા વિદ્યાર્થીઓના હિતમાં સરકારી ઈજનેરી કૉલેજો અને સરકારી પોલીટેકનીકોના હયાત અભ્યાસક્રમોની બેઠકોમાં પુનર્ગઠન **(Restructuring)** કરવામાં આવ્યું. ગત વર્ષની સરખામણીમાં ડીગ્રી એન્જીનીયરીંગની બેઠકો ૨૧% વધુ ભરાઈ તથા ડિગ્રી ઈજનેરીના પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષમાં ૭૯.૫% બેઠકો ભરવામાં આવી, જેથી ડિપ્લોમા ઈજનેરીમાં ગત વર્ષની સાપેક્ષમાં ૧૬% બેઠકો વધુ ભરાઈ.
- ટેકનિકલ શિક્ષણ હેઠળની વિવિધ સરકારી સંસ્થાઓ ખાતે Artificial Intelligence and Machine Learning (Al-ML), Computation and Advanced Software including Cloud Services, Coding, Cyber Physical Systems, Semiconductor Design and Advanced Verification, Electric Vehicle, Advanced Manufacturing and Robotics, Drone Technology જેવા વિવિધ emerging technology ના કુલ **૧૩ સેન્ટર ઓફ એક્સલન્સ (CoE)** સ્થાપવા માટે ચકાસણી કરીને તેને shortlist કરવામાં આવેલ છે અને અન્ય ૦૨ સેન્ટર ઓફ એક્સલન્સ માટે L&T અને LG સાથે કરાર કરવામાં આવી રહ્યા છે.
- તા:૧૧/૦૭/૨૦૨૩ના રોજ ઠરાવ ક્રમાંક: KCG/admin/2023-24/0607/kh-1 દ્વારા ગુજરાત રાજ્યની તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અંતર્ગત **કોમન કરિક્યુલમ એન્ડ ક્રેડિટ ફ્રેમવર્ક** હેઠળ ક્રેડિટ માળખું અમલીકરણ માટે નિયત કરવા અંગેનો ઠરાવ રજુ કરવામાં આવેલ હતો.
- **સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP) :**
  - રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ના સરળ તેમજ અસરકારક અમલીકરણ માટે એક સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP) રજુ કરવામાં આવેલ છે.

- ગુજરાતની તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ, ઓટોનોમસ કોલેજોએ આ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) નું ફરજિયાતપણે પાલન કરવામાં આવનાર છે.

➢ ગુજરાત વિધાનસભા દ્વારા ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમને મંજુરી અપાતાં તથા તા:૨૫/૦૯/૨૦૨૩ના રોજ માન. રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્યની સંમતિ દ્વારા **ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩**ને ગુજરાત એક્ટ નં. ૧૫ ઓફ ૨૦૨૩ તરીકે પ્રકાશિત કરવામાં આવેલ છે. આ કાયદાથી ૧૧ સરકારી યુનિવર્સિટીઓમાં વહીવટ, શિક્ષણ, પરીક્ષાઓ, વિદ્યાર્થીલક્ષી બાબતો માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં દર્શાવેલ સુધારો થશે.

➢ **રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA)** અંતર્ગત રાજ્યની કુલ ૨૯૪ લાભાર્થી સંસ્થાઓ (૯ યુનિવર્સિટીઓ તથા ૨૮૫ કોલેજો) માટે કુલ રૂ.૪૬૩ કરોડનું અનુદાન મંજુર કરવામાં આવેલ છે.

➢ રૂ.૩૧૧.૬૪ કરોડના અનુદાનની ફાળવણી યુનિવર્સિટી/કોલેજીસના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ, ઇક્વિટી ઈનીશીએટીવ, ઇક્વિટી ઓપોર્ચ્યુનિટી સેલ, અને ફેકલ્ટી ઈમ્પ્રુવમેન્ટ જેવા હેતુ માટે વિવિધ કમ્પોનેન્ટ અંતર્ગત ઇક્વિટી, એક્સેસ અને એકસલન્સને આધાર સ્તંભ રાખી પૂરું પાડવામાં આવેલ છે.

➢ **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY):**
- આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૨૧૯૧ વિદ્યાર્થીઓને રૂ.૨૦૬.૭૮ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.
- યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૪,૨૧,૩૪૧ વિદ્યાર્થીઓને કુલ રૂ.૧૮૮૪.૮૮ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

➢ **મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN):**
- આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૯૨૭ વિદ્યાર્થીનીઓને રૂ.૯૯.૧૭ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.
- યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૫,૬૬૬ વિદ્યાર્થીનીઓને કુલ રૂ.૪૫૩.૮૭ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

➢ **સ્કીમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વોલિટી રીસર્ચ (શોધ યોજના)**:
- આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૭૯૧ વિદ્યાર્થીઓને રૂ.૧૭.૭૬ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.
- યોજના અંતર્ગત આજદિન સુધીમાં કુલ ૩૫૪૬ વિદ્યાર્થીઓને કુલ રૂ.૭૫.૧૪ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

➢ **મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS):**
- આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૦૮૧ વિદ્યાર્થીઓને રૂ.૧૫.૯૦ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

- યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૪૩૩૮ વિદ્યાર્થીઓને કુલ રૂ.૪૦.૬૫ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

- **નેશનલ ઇન્સ્ટીટયુટ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF)** માં વર્ષ ૨૦૨૨માં રાજ્યની કુલ ૬૧ સંસ્થાઓએ ભાગ લીધેલ હતો. જેમાં ૨૬ યુનિવર્સિટી અને ૩૫ કોલેજોનો સમાવેશ થાય છે. જેમાંથી કુલ ૨૫ જેટલી સંસ્થાઓએ અલગ અલગ કેટેગરીમાં ટોપ ૧૦૦માં સ્થાન પ્રાપ્ત કરી દેશમાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે.
- 5200 થી વધુ વિદ્યાર્થીઓએ **ગુજરાત સ્ટેટ પ્લેસમેન્ટ સેલ** દ્વારા પ્રતિષ્ઠિત કંપનીઓમાં પ્લેસમેન્ટ મેળવેલ છે.
- ટેકનિકલ શિક્ષણ હેઠળની સંસ્થાઓ ખાતે ડીગ્રી ઇજનેરી તેમજ ડિપ્લોમા ઇજનેરી કોલેજો દ્વારા કુલ **૨૦૬ પેટન્ટ** રજિસ્ટર થયા.
- SCI / Web of Science / SCOPUS જર્નલ્સમાં ડીગ્રી તથા ડિપ્લોમા ઇજનેરી કોલેજો દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં **૫૭૮ પેપર પબ્લીશ** કરવામાં આવ્યા.
- **સ્ટાર્ટઅપ સૃજન પ્રોગ્રામ** હેઠળ, આ વર્ષે રાજ્યભરમાંથી ઇનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સ તરફથી બીજા જૂથમાં મળેલ ૩૬૫ અરજીઓ પૈકી સ્ક્રીનિંગ અને મંજૂરી બાદ ૧૫૦ ઇનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સને કુલ ૭ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે તેમજ વિવિધ પ્રકારના સપોર્ટ આપવામાં આવશે.
- કુલ **૨૫૦૦ પ્રૂફ ઓફ કન્સેપ્ટ (PoC)** ડેવલપ કરવા માટે સપોર્ટ કરવામાં આવી રહેલ છે.
- કુલ **૪૨૯ ઇન્કયુબેશન સ્ટાર્ટઅપ** માટે **રૂ.૨૩૦૦ કરોડની ઇનોવેશન ઇકો સિસ્ટમ** ડેવલપ કરવામાં આવી રહી છે જેમાં રૂ.૩૪૦ કરોડનું પ્રાઇવેટ ફંડ raise કરવામાં આવ્યા છે. જેના થકી આ સ્ટાર્ટઅપ્સ દ્વારા રૂપિયા ૪૩૦ કરોડની રેવન્યુ જનરેટ કરવામાં આવેલ છે.
- **ગુજરાત નોલેજ સોસાયટીની ઇમ્પેક્ટ સ્કીમ** હેઠળ CIPET, NASSCOM, WADHWANI, IIT BOMBAY, IBM, TCS FOUNDATION, LG ELECTRONICS, L&T દ્વારા વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ તથા રોજગાર તાલીમ આપવામાં આવી રહી છે.
- ઑક્ટોબર 2023માં કેવડિયા કોલોની, ગુજરાત ખાતે વેસ્ટર્ન ઝોનના ૬ રાજ્ય ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દિવ, દમણ અને દાદરાનગર હવેલીના યુનિવર્સીટીઓના કુલપતિશ્રીઓની NEP-2020ના અમલીકરણ અંગે **પશ્ચિમ ઝોનના વાઇસ ચાન્સેલર્સ કોન્ફરન્સ**નું સફળતાપૂર્વક આયોજન કરાયું. જેના અંતર્ગત કુલ ૧૭૯ યુનિવર્સિટીઓએ ભાગ લીધેલ હતો.
- પશ્ચિમ ઝોનના વાઇસ ચાન્સેલર્સ કોન્ફરન્સ અંતર્ગત વિવિધ વિષયો જેમકે **Access to Quality Education and Governance in Higher Education**; **Equitable and Inclusive Education Issue of Socio-Economically Disadvantaged Groups (SEDGs)**; **Creating Synergy between Education and Skilling Future Workspace**; **Holistic Education through integration of Skilling, Industry Connect and Employability; Innovation and Entrepreneurship; Research and Development; Internationalization of Education and Indian Knowledge System** પર શિક્ષણવિદ્દો દ્વારા પેનલ ડિસ્કશન કરવામાં આવેલ હતું.

- **સ્ટાર્ટઅપ કોન્ક્લેવ** 2023માં 146.35 કરોડ રૂપિયાના રોકાણ સાથે 54 સ્ટાર્ટઅપ્સને સુવિધા આપવામાં આવી હતી.
- ગુજરાત નોલેજ સોસાયટી, શિક્ષણ વિભાગ દ્વારા એસએસઆઈપી 2.0 અંતર્ગત **"ન્યુ ઈન્ડિયા વાઈબ્રન્ટ હેકેથોન 2023"** (5મી આવૃત્તિ)નું આયોજન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના **26 વિભાગો, પીએસયુ, 8 મ્યુનિસિપલ કોર્પોરેશનો**ના વિવિધ પડકારોનો ઉકેલ શોધવા માટે મુખ્યત્વે આ કાર્યક્રમની રચના અને અમલ કરવામાં આવશે, તેમ છતાં હાર્ડવેર/સોફ્ટવેર સોલ્યુશન્સ અને વિવિધ પડકારોને લગતા ઇનોવેશનને નવીનતા પ્રદાન કરવા માટે મિકેનિઝમ અને પ્રક્રિયા વિકસાવવા માટેના વધુ પ્રયાસો કરવામાં આવશે.
- **"ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોન -2023" (પાંચમી આવૃત્તિ)** અગાઉની હેકાથોન આવૃત્તિઓ તરફ એક પગલું આગળ વધશે, જેમાં 12,000 થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે અને સમસ્યા નિવેદનો પર કામ કરશે તેવી અપેક્ષા છે.

**************************************************